પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧૩ ૩ જુલાઈ, ૨૦૨૨, રવિવાર; અષાઢ સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# નુપૂરના સમર્થકની અમરાવતીમાં હત્યા

## ઉદેપુર બાદ અમરાવતીમાં વધુ એક સમર્થકની હત્યા : રાજસ્થાનના કનૈયાલાલની હત્યાના બનાવને બહુ દિવસ થયા નથી : કેમિસ્ટ ઉમેશ પ્રહલાદરાવ કોલ્હેએ નુપૂરના સમર્થનમાં પોસ્ટ મૂકી, પોલીસે ૨૩ જૂને ૨ શખ્સો મુદસ્સીર અહેમદ અને શાહરૂખ પઠાણની ધરપકડ કરી




મુંબઈ, તા.૨

રાજસ્થાનના ઉદયપુરમાં કન્હૈયાલાલની હત્યાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. હત્યાનો આરોપીએ સસપેન્ડ ભાજપ પ્રવક્તા નૂપુર શર્માના સમર્થનમાં પોસ્ટ કરવા બદલ દરજી કન્હૈયાલાલની હત્યા કરી નાખી હતી. આવી જ વધુ એક ઘટના સામે આવી રહી છે કે, થોડા દિવસ અગાઉ ઉદયપુરમાં દરજી કન્હૈયાલાલની હત્યાના એક અઠવાડિયા પહેલા ૫૪ વર્ષીય કેમિસ્ટ ઉમેશ પ્રહલાદરાવ કોલ્હેનું ૨૧ જૂનના રોજ નૂપુર શર્માના સમર્થનમાં પોસ્ટ કરવા પર મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં જઘન્ય હત્યા કરી દીધી હતી. આ મામલાની તપાસ કરી રહેલા અધિકારીઓનું હવે માનવું છે કે, કોલ્હેની કથિત રીતે બીજેપીની નૂપુર શર્માના સમર્થનમાં કરવામાં આવેલી સોશિયલ મીડિયા પોસ્ટના કારણે તેમની હત્યા કરી દેવામાં આવી હતી જેમણે એક ટીવી ડિબેટમાં મોહમ્મદ પયગંબર અંગે વિવાદિત ટિપ્પણી કરી હતી. ઉમેશ કોલ્હેના પુત્ર સંકેત કોહલીની ફરિયાદ બાદ અમરાવતીના સિટી કોતવાલી પોલીસ સ્ટેશનની પ્રાથમિક તપાસમાં ૨૩ જૂને ૨

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના નવા ૧૭,૦૯૨ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં નવા કેસમાં તોતિંગ ઉછાળો : હાલ દેશમાં ૧,૦૯,૫૬૮ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે

નવી દિલ્હી,તા.૨

દેશમાં હાલ કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના ૧૭ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. જ્યારે એક દિવસમાં ૨૯ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. એક્ટિવ કેસની સંખ્યા હવે એક લાખને પાર જતી રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૧૭,૦૯૨ દર્દીઓ નોંધાયા છે. દેશમાં ઝડપથી વધી રહેલા કેસે એકવાર ફરીથી લોકોની ચિંતા વધારી છે. ગઈ કાલે શુક્રવારે કોરોનાના નવા ૧૭,૦૭૦ કેસ નોંધાયા હતા. એક દિવસમાં કોરોનાથી ૨૯ દર્દીઓના મોત થયા છે.

અત્યાર સુધીમાં કોરોનાથી ૫,૨૫,૧૬૮ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. હાલ દેશમાં ૧,૦૯,૫૬૮ કોરોના દર્દીઓ સારવાર હેઠળ છે.

જ્યારે ૪,૨૮,૫૧,૫૯૦ લોકોએ અત્યાર સુધીમાં કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. દેશમાં કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ હાલ ૪.૧૪ ટકા છે. મહારાષ્ટ્રમાં શુક્રવારે કોરોના વાયરસના સંક્રમણના ૩૨૪૯ નવા કેસ નોંધાયા. જે એક દિવસ અગાઉ કરતા ૪૦૦ ઓછા હતા. જ્યારે ૪ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા. દિલ્હીમાં કોરોનાના ૮૧૩ નવા કેસ નોંધાયા છે. રાજધાનીમાં સંક્રમણ દર ૫.૩૦ ટકા છે.

## ઉદ્ધવે એકનાથ શિંદેને શિવસેના નેતાના પદ પરથી હાંકી કાઢ્યા

મુંબઈ, તા.૨

એકનાથ શિંદેએ મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે પરંતુ મહારાષ્ટ્રના રાજકીય ઘમાસાણનો હજુ અંત નથી આવ્યો. ઉદ્ધવ ઠાકરેએ શુક્રવારના રોજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેને પાર્ટીના સંગઠનમાં 'શિવસેના નેતા'ના પદ પરથી દૂર કરી દીધા છે. તેના પહેલા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, એકનાથ શિંદે 'શિવસેનાના મુખ્યમંત્રી નથી' અને પાર્ટીને કિનારે રાખીને કોઈ શિવસેના ન હોઈ શકે. વધુમાં કહ્યું હતું કે, 'જે લોકોએ ૨.૫ વર્ષ પહેલા પોતાનું વચન પૂરૂ ન કર્યુ અને શિવસેનાની પીઠમાં છરો ભોંકીને... તેઓ ફરી એક વખત તેને (શિંદેને) શિવસેનાનો મુખ્યમંત્રી ગણાવીને શિવસૈનિકો વચ્ચે સંશય પેદા કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તે (શિંદે) શિવસેનાનો મુખ્યમંત્રી નથી.

## ભાજપની સત્તા વાપસીની ઉજવણીમાં દેવેન્દ્ર ફડણવીસની સૂચક ગેરહાજરી

### ઉદ્ધવ ઠાકરેએ રાજીનામું આપ્યું ત્યારે ફડણવીસ નવા સીએમ હશે તે નક્કી મનાઈ રહ્યું હતું

મુંબઈ,તા.૨

શિવસેનામાં થયેલા બળવા બાદ મહારાષ્ટ્રમાં ધાર્યા પ્રમાણે ભાજપની સત્તામાં વાપસી થઈ છે. જોકે, દેવેન્દ્ર ફડણવીસને ડેપ્યુટી સીએમ બનાવીને ભાજપે આશ્ચર્ય સર્જ્યુ છે. તેવામાં પક્ષ દ્વારા શુક્રવારે કરવામાં આવેલી ઉજવણીમાં ફડણવીસની સૂચક ગેરહાજરીથી અનેક અટકળોને વેગ મળ્યો છે. એવી પણ ચર્ચા છે કે પોતાને ડેપ્યુટી સીએમ બનાવવાથી તેઓ નારાજ છે. ફડણવીસે અગાઉ તો એવી પણ જાહેરાત કરી હતી કે તેઓ નવી સરકારમાં સામેલ નહીં હોય, પરંતુ પાછળથી તેમણે એકનાથ શિંદે સાથે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા હતા. ફડણવીસની નજીકના લોકો એવો દાવો કરી રહ્યા છે કે, રાજ્યમાં ત્રીજી જુલાઈએ વિધાનસભાનું બે દિવસનું ખાસ સત્ર મળી રહ્યું છે, જેની તૈયારીમાં વ્યસ્ત હોવાથી તેઓ ઉજવણીમાં સામેલ નહોતા થઈ શક્યા. જોકે, મહારાષ્ટ્રની સ્થિતિ પર નજર રાખી રહેલા પોલિટિક્સના

● અનુસંધાન પાન-૭ પર

DJ
DIAMOND
9898318815

બંગલો વેચવાનો છે
300 ચો.વા પ્લોટ
રોડ ટચ, 3BHK,
ગ્રાઉન્ડ તથા ફર્સ્ટ ફ્લોર,
ગાર્ડન તથા બંગલાની ત્રણ
સાઈડ ખુલ્લી જમીન સાથે
૧૭, સૂર્યા સ્ટ્રીટ, સરગાસણ
ચોકડી પાસે, ઉવારસદ, ગાંધીનગર.
98250 50716

